RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 264* Date: 14 .07.2023, Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## દેશની રાજધાની દિલ્હીના VVIP વિસ્તારોમાં ફરી વળ્યું યમુનાનું પાણી










દિલ્હીની યમુના નદીમાં તેજીનું પ્રચંડ સ્વરૂપ દેખાઈ રહ્યું છે. રાષ્ટ્રીય રાજધાનીના ઘણા વિસ્તારો ઝડપથી પાણીમાં ડૂબી રહ્યા છે. રીંગરોડ સુધી પાણી પહોંચી ગયું છે. કાશ્મીરી ગેટ બસ સ્ટેન્ડ પણ જોખમમાં છે. રાજઘાટ, આઈટીઓ, પુરાના કિલાના વિસ્તારો જળબંબાકાર બની ગયા છે. લાલ કિલ્લાની પાછળના વિસ્તારમાં પાણી ઘૂસી ગયા છે. જૂની દિલ્હી રેલ્વે સ્ટેશન તરફ જતા રસ્તાઓ અને રસ્તાઓ પાણીમાં ડૂબી ગયા છે. એવા પણ અહેવાલો છે કે દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલના ઘર સુધી હવે પાણી પહોંચવાની તૈયારીમાં છે. ગુરુવારે સવારે ૭ વાગ્યે દિલ્હીમાં યમુના નદીનો જળસ્તર ૨૦૮.૪૬ મીટરે પહોંચી ગયો હતો. નદીનો જળસ્તર ભયજનક નિશાન ૨૦૫ મીટરથી ૩ મીટર ઉપર વહે છે. રાજધાનીના વજીરાબાદમાં સિગ્નેચર બ્રિજ પાસે ગઢી માંડુ ગામ પાણીમાં ડૂબી ગયું હતું. યમુના નદીના કિનારે આવેલા નીચાણવાળા વિસ્તારોમાંથી ૧૬,૦૦૦થી વધુ લોકોને સ્થળાંતર કરીને સુરક્ષિત સ્થળોએ લઈ જવામાં આવ્યા છે. યમુનાના પાણીના કારણે દિલ્હીના રસ્તા નદી જેવા બની ગયા છે અને જનજીવન ઠપ થઈ ગયું છે. યમુનાના પાણી દિલ્હીના રસ્તા અને ગલીમાં વહી રહ્યા છે. હાલત ખરાબ છે. દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલના નિવાસ સ્થાન સુધી પણ પાણી પહોંચી જતાં કેજરીવાલે ઈમરજન્સી મિટિંગ બોલાવી છે. બીજી તરફ યમુનાના પાણીના કારણે દિલ્હીના મોટામાં મોટા ત્રણ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બંધ કરવામાં આવ્યા છે અને તેના કારણે દિલ્હીમાં પીવાના પાણીનું સંકટ વધી શકે છે.

## અજિત પવારને ચાંદી જ ચાંદી! મહારાષ્ટ્રનું ડે. C M પદ મળ્યાં બાદ હવે નાણા મંત્રાલય મળશે તેવી ચર્ચા

મહારાષ્ટ્રમાં અજિત પવાર સાથે તેમના ૮ ધારાસભ્યોએ મંત્રી તરીકે શપથ લીધા હતા, જે પછી હજુ સુધી વિભાગોની વહેંચણી કરવામાં આવી નથી. છેલ્લા ઘણા દિવસોથી આ અંગે ભારે અસમંજસની સ્થિતિ જોવા મળી રહી હતી. જોકે હવે સૂત્રોના હવાલાથી કહેવામાં આવ્યું છે કે અજિત પવાર જૂથને નાણા મંત્રાલય મળી શકે છે. નાણા વિભાગ ઉપ મુખ્યમંત્રી અજિત પવારને સોંપવાનો નિર્ણય લગભગ લેવાયો ગયો છે. જે બાદ હવે ઔપચારિક જાહેરાતની રાહ જોવાઈ રહી છે. છેલ્લા એક સપ્તાહથી આ વિભાગને લઈને



સતત બેઠકોનો દોર ચાલી રહ્યો હતો.

મહારાષ્ટ્રમાં વિભાગોની વહેંચણીને લઈને ચાલી રહેલી ચર્ચા વચ્ચે ડેપ્યુટી સીએમ અજિત પવારે દિલ્હીમાં ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન તેમની સાથે પ્રફુલ્લ પટેલ પણ હાજર હતા. એવું કહેવામાં આવ્યું હતું કે ગૃહમંત્રી અમિત શાહ સાથેની આ બેઠકમાં વધુ કાનૂની લડાઈ અંગે ચર્ચા કરવામાં આવી હતી. જેના બાદ હરીશ સાલ્વે શિવસેના શિંદે જૂથની જેમ અજિત પવાર કેમ્પનો કેસ લડી શકે છે.

બીજી તરફ વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવી કોર્ટ અને ચૂંટણી પંચમાં દ્ધઁના શરદ પવાર કેમ્પનું પ્રતિનિધિત્વ કરશે. કાનૂની લડાઈ અંગે બંને પક્ષો પોતપોતાના દાવાઓ ધરાવે છે. જ્યારે અજિત પવાર જૂથ કહે છે કે તેની પાસે પાર્ટીના બે તૃતીયાંશ કરતાં વધુ ધારાસભ્યો છે, તેથી તેનો પક્ષ અને ચૂંટણી પ્રતીક પર અધિકાર છે, જ્યારે શરદ પવાર જૂથ દાવો કરે છે કે પાર્ટી પર તેનો અધિકાર છે. અત્યારે તો ચૂંટણી પંચ અને અદાલતે નક્કી કરવાનું છે કે દ્ધઁનો અસલી બોસ કોણ છે.

## રાજ્યમાં વરસાદનું જોર ઘટયું, છેલ્લા ૨૪ કલાકમાં ૮૪ તાલુકામાં મેઘમહેર, ચીખલી-અમરેલીમાં સૌથી વધુ

રાજ્યમાં નોંધાયેલા વરસાદમાં નવસારીના ચીખલીમાં સૌથી વધારે ૪.૫ ઈંચ વરસાદ ખાબક્યો હતો જેના પગલે ઠેર-ઠેર પાણી ભરાય ગયા હતા. આ સિવાય અમરેલીના ગણદેવીમાં ૩.૫ ઈંચ, ખેરગામ અને નવસારીમાં ૩-૩ ઈંચ, ઉમરપાડામાં પોણા ૩ ઈંચ, ડોલવણમાં ૨.૫ ઈંચ વરસાદ વરસ્યો હતો. અમરેલીમાં છેલ્લા ૨૪ કલાકમાં મેઘરાજા મન મુકીને વરસ્યા હતા અને શહેરમાં બે કલાકમાં ત્રણ ઈંચ વરસાદ ખાબક્યો હતો જેથી રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા. આ સાથે જો છેલ્લા બે કલાકની વાત કરીએ તો રાજ્યના ૩૮ તાલુકામાં વરસાદ નોંધાયો હતો જેમા નવસારીના



ગંડવી તાલુકામાં સૌથી વધુ વરસાદ વરસ્યો હતો. સૌરાષ્ટ્રમાં સાર્વત્રિક વરસાદના કારણે જળાશયોમાં નોંધપાત્ર આવક થવા સાથે અનેક ડેમ ઓવરફ્લો થયા છે. જુનાગઢ જિલ્લાનો મધુપરી ડેમ છલકાતા મેંદરડા અને વંથલીના ૧૦ જેટલા ગામોમાં એલર્ટ અપાયું છે.ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ વરસતા જળાશયોમાં નવા નીર આવ્યા હતા. ત્યારે ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૫૯.૧૫ ટકા અને મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં ૩૩.૧૫ ટકા જ્યારે દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૩૬.૨૯ ટકા તેમજ સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૬૦.૭૦ ટકા જેટલો પાણીનો જથ્થો છે. આ સિવાય કચ્છના ૨૦ જળાશ્યોમાં ૬૪.૧૦ ટકા જેટલો પાણીનો જથ્થો છે. આ ઉપરાંત રાજ્યના ૪૧ જળાશયો હાઈ એલર્ટ પર છે જેમા ૯૦ ટકાથી વધુ તેમજ ૧૪ જળાશયો એલર્ટ પર છે જેમા ૮૦ ટકાથી ૯૦ ટકા સુધી તથા ૧૭ જળાશયો વોર્નિંગ પર છે જેમા ૭૦ ટકાથી ૮૦ ટકા સુધી પાણીનો જથ્થો છે. આ સિવાય રાજ્યના ૨૦૬ જળાશયોમાંથી ૧૩૪ જળાશયોમાં ૭૦ ટકાથી ઓછો પાણીનો જથ્થો છે.રાજ્યમાં અનેક જિલ્લાઓમાં મેઘમહેર થતા અનેક જળાશ્યોમાં નવા નીર આવતા પાણીના જથ્થાનો સંગ્રહ થયો છે.

## ચાઈનીઝ એપથી લોન લેનાર વિદ્યાર્થીએ આત્મહત્યા કરી:એજન્ટે તસવીરો વાયરલ કરવાની ધમકી આપી હતી



ચાઈનીઝ લોન એપના એજન્ટથી પરેશાન થઈને ૨૨ વર્ષના વિદ્યાર્થીએ ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી છે. મૃતકની ઓળખ તેજસ તરીકે થઈ છે, જે બેંગલુરુના જલાહલ્લીમાં રહેતો હતો. તે યેલહંકાની નિટ્ટે મીનાક્ષી કોલેજમાં એન્જિનિયરિંગનો અભ્યાસ કરતો હતો.મૃતકના સંબંધીઓએ જણાવ્યું કે તેજસે ‘સ્લાઈસ એન્ડ ઈન્સ્ટોલમેન્ટ‘ નામની ચાઈનીઝ એપ પરથી લોન લીધી હતી, પરંતુ તે પૈસા પરત કરી શક્યો ન હતો.

## દિલ્હી હાઈકોર્ટે મની લોન્ડરિંગ મામલે N C P નેતા નવાબ મલિકની જામીન અરજી ફગાવી

બોમ્બે હાઈકોર્ટે દ્ધઁ નેતા નવાબ મલિકની જામીન અરજી ફગાવી દીધી છે. તેમણે એક અરજી દાખલ કરીને મેડિકલ કારણોનો હાવલો આપી જામીન માટે અપીલ કરી હતી. નવાબ મલિક મની લોન્ડરિંગ કેસમાં જેલમાં છે. તેઓ મહારાષ્ટ્ર સરકારમાં પણ મંત્રી રહી ચૂક્યા છે.મલિકે બોમ્બે હાઈકોર્ટમાંથી જામીન માંગ્યા હતા



અને તેમની અરજી આગળના આદેશો માટે સુરક્ષિત રાખવામાં આવી હતી. દ્ધઁ નેતાની ગત વર્ષે ફેબ્રુઆરી ૨૦૨૨માં ધરપકડ કરવામાં આવી હતી. હાલમાં તેઓ ન્યાયિક કસ્ટડીમાં છે અને મુંબઈની એક ખાનગી હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી છે. વિશેષ અદાલતે અગાઉ મલિકને એવું કહીને જામીન આપવાનો ઈનકાર કર્યો હતો કે, તેઓ તેમના પરિવારની માલિકીની કંપની દ્વારા ગુનાહિત સંપત્તિ પર સતત કબ્જો કરી રહ્યા છે.

## દૂધ સાગર ડેરીના પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરી સાગરદાણ કેસમાં દોષિત જાહેર, ૭ વર્ષની સજા

અમદાવાદઃ આજે સાગરદાણ કૌભાંડ કેસનો ચુકાદો આવ્યો છે. દૂધસાગર ડેરીના પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરી આ કેસમાં દોષિત જાહેર થયા છે. આ કેસમાં કુલ ૨૨ લોકો આરોપી છે. જેમાં ૨૨ આરોપીઓ પૈકી ૩ના મૃત્યુ થયા છે. ૨૦૧૩ના વર્ષમાં રૂ.૨૨.૫૦ કરોડનું સાગરદાણ મહારાષ્ટ્રમાં મોકલાવ્યું હતું. ૨૦૧૪માં વિપુલ ચૌધરી સહિતના આરોપીઓ સામે ફરિયાદ નોંધાઈ હતી હતી. સાગરદાણ કૌભાંડમાં પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરી સામે ૨૧ હજાર પાનાની ચાર્જશીટ દાખલ થઈ હતી. આ કેસના ૧૯ આરોપી દોષિત સાબિત થયા છે.

**તંત્રી લેખ......**

# બેવડો માર

ગુજરાતીમાં એક કહેવત છે - 'પડે છે ત્યારે સઘળું પડે છે.' આ વખતે આ કહેવત ભારે વરસાદ રૂપે ચરિતાર્થ થઈ રહી છે, જેને કારણે દેશના મોટાભાગના હિસ્સામાં જનજીવન તો અસ્તવ્યસ્ત થઈ જ ગયું છે, સાથે જ પહેલેથી જ મોંઘાં વેચાતાં શાકભાજીના ભાવ પણ બેકાબૂ થઈ ગયા છે. એમ તો ચોમાસાની સિઝનમાં મોટાભાગની શાકભાજીના ભાવ વધી જાય છે, પરંતુ આ વખતે ટામેટાં અને આદુના ભાવ જે ઝડપતી વધ્યા છે તે અનિચ્છનીય છે. છેલ્લા કેટલાક અઠવાડિયાથી ટામેટાંના ભાવ સો રૂપિયા પ્રતિ કિલોગ્રામને પાર કરી ગયા છે, તો આદુના ભાવ પણ ૨૫૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામ સાથે આસમાને આંબી ગયા છે. ત્યાં સુધી કે ગ્રાહક બાબતોના મંત્રાલયે પણ સ્વીકાર કર્યું છે કે સોમવારે દેશમાં ટામેટાની સરેરાશ કિંમત ૧૦૦.૩૮ રૂપિયા પ્રતિ કિલોગ્રામ હતી. જ્યારે વાસ્તવિકતા એ છે કે દેશના ચાર મહાનગરો - દિલ્હી, મુંબઈ, કોલકાતા અને ચેન્નઈમાં ટામેટાની રિટેલ કિંમત સવા સો રૂપિયાથી વધુ નોંધાઈ ચૂકી છે. મેકડોનલ્ડ જેવી બહુરાષ્ટ્રીય ફૂડ ચેઈન, જેના સરેરાશ ગ્રાહક સામાન્ય રીતે મધ્યમ વર્ગના હોય છે, તેણે પણ પોતાના પસંદગીનાં ઉત્પાદનોમાં ટામેટાના ઉપયોગ કરવાનું બંધ કરી દીધું છે. એટલે સમજી શકાય છે કે મોંઘવારી કેટલી હદે દઝાડી રહી છે.

અસલમાં વરસાદને કારણે શાકભાજીઓનું ઉત્પાદન, પરિવહન અને સંભાળ ઘણી હદે પ્રભાવિત થઈ ગયાં છે, જેનો માર ભારતીયોના રસોડામાં તો પડી જ રહ્યો છે, તેનાથી ફુગાવાને પણ નિયંત્રિત કરવામાં જોડાયેલ રિઝર્વ બેંક માટે પણ નવો પડકાર પેદા થઈ ગયો છે. રિઝર્વ બેંક ફુગાવાને ચાર ટકા સુધી નિયંત્રિત રાખવા માંગે છે અને આ દિશામાં તેણે કેટલીક હદે સફળતા પણ મેળવી છે, જ્યારે મે મહિનામાં ગ્રાહક મૂલ્ય સૂચકાંક પર આધારિત મોંઘવારી દર ૪.૨૫ ટકાની સાથે ૨૫ મહિનાના ન્યૂનતમ સ્તર પર આવી ગઈ હતી, પરંતુ હવે દેશભરમાં શાકભાજીના ભાવોમાં થયેલ અભૂતપૂર્વ વધારાની અસર ફુગાવા પર પડવી નક્કી છે. વિશેષજ્ઞોનું અનુમાન છે કે જુલાઈથી સપ્ટેમ્બરના ત્રિમાસિકમાં મોંઘવારીનો દર ૫.૫ ટકા રહી શકે છે અને એકલા જુલાઈમાં તે છ ટકાને પણ પાર કરી શકે છે. બેશક, જેવું કે વિશેષજ્ઞોનું આકલન છે કે ચોમાસું સ્થિર થવાની સાથે જ શાકભાજીના ભાવ પણ ઓગસ્ટ બાદ નીચે આવી જશે, પરંતુ હાલની સ્થિતિ અર્થવ્યવસ્થાની મજબૂતી માટે દીર્ઘકાલીન ટકાઉ ઉપાયોની જરૂરિયાતને રેખાંકિત કરી રહી છે. નિ:સંદેહ હરિયાણા-પંજાબ વગેરે વિસ્તારોમાં ટામેટાંની મોંઘવારીનું કારણ એ કહેવાય છે કે સ્થાનિક ટામેટાંનો પાક ખતમ થઈ ગયો છે અને અન્ય રાજ્યોથી આવતી નવી આવક નથી થઈ. વળી ટામેટાં જેવી કેટલીક શાકભાજી એવી છે કે તેનો સંગ્રહ પણ નથી થઈ શકતો. જોકે રિટેલ માફિયાઓનો મોટો હાથ આ પ્રકારે મોંઘવારી વધારવામાં હોય છે. આવામાં પાક ઉગાડનારા ખેડૂતો જો વધુ પાક ઉગાડે તો પણ નુક્સાનમાં રહે છે અને ઓછો ઉગાડે તો પણ તે નુક્સાનમાં જ રહે છે. અસલી ફાયદો તો વચેટિયા અને નફાખોરો જ ઉસેટી જાય છે. સારા પાકનો લાભ ના ખેડૂતને મળી શકે છે કે ના ગ્રાહકને

# અસીમ સ્નેહ...સરયૂ પરીખ

સુહાનો ફોન આવ્યો. ''સરયૂદીદી! આવતાં શનિવારે, અલગ ભાષાનાં લેખકોના સન્માનનાં કાર્યક્રમમાં તમારું નામ મેં આપ્યું છે. આવશો ને?'' એકાદ વર્ષથી વાત નહોતી કરી તેથી મને આમંત્રણ આપતાં સવાલથી અનેરો આનંદ થયો. મારા હકાર પછી તે આગળ બોલી,

''દીદી, કાર્યક્રમના દિવસે હું તમને લેવા આવીશ.''

''એટલે દૂરથી? ... તને લાંબુ પડશે.'' મેં કહ્યું.

''મારું નવું ઘર બહુ દૂર નથી. ફોન મૂકું છું... શનિવારે વધુ વાત કરશું.'' કહીને સુહાએ વાત બંધ કરી.

મારા 'કેમ' અને 'ક્યાં' અધ્યાહાર રહી ગયા.

સુહાને હું મારી મિત્ર કહું કે, કેવળ ઓળખીતિ કહું... કે નાની બહેન કહું એ ચોક્કસ કહેવું મુશ્કેલ હતું. પણ જ્યારે જ્યારે સુહા સાથે વાત થાય ત્યારે કોઈ દંભ, દેખાવનું આવરણ રહેતું નહીં. આઠેક વર્ષ પહેલાં અમે પહેલી વખત સુહાને ઘેર સંગીતગ્રુપના સભ્ય તરીકે આમંત્રણ હોવાથી ગયેલાં. એક મોટા બંગલાના ગોળ ડ્રાઈવ-વે પર અમે કાર ઊભી રાખી અને માણસ પાર્ક કરવા લઈ ગયો. વિશાળ બારણાઓ પાસે સુહાના પતિ, રણબીર સિન્હાએ પોતાનો પરિચય આપી, અમને આવકાર્યા. સુહા લોકોની વચ્ચેથી જગ્યા કરતી અમને આવીને મળી. સુંદર અને સાદી પણ પ્રેમાળ સુહાને પહેલી વખત મળી...પણ જાણે પુરાણી પહેચાન હોય તેવી ઉષ્માભરી તેની વર્તણૂક હતી.

સંગીતનાં કાર્યક્રમનાં મધ્યાંતરમાં વાતો કરતાં જાણવા મળ્યું કે સુહા મરાઠી, અને રણબીર પંજાબી છે, અને અમેરિકાની એન્જિનિયરીંગ કોલેજનો અભ્યાસ પૂરો કરી બન્નેએ પ્રેમલગ્ન કરેલાં. રણબીરને પોતાની કંપની હતી. તેમની મોટી દીકરી અનુ, સૌને મળવા આવી અને યેૈલમાં પ્રવેશ મળી ગયો હોવાથી બે મહિના પછી ર્ન્યૂહેવન જવાની હતી. અમે બધાં સુહાનાં સૌભાગ્યને અહોભાવથી નવાજી રહ્યાં... એવામાં એક મદદનીશ બહેને આવીને સુહાના ખભે હાથ મૂકી ઈશારો કર્યો. સુહા તરત જ પાછલા દ્વારથી બહાર નીકળી, ત્વરાથી પાછળના ગેસ્ટ હાઉસ તરફ દોડી.

''સુહાનાં સાસુને 'અલ્ઝહાઈમર છે. સુહા સિવાય બીજું કોઈ તેમને સંભાળી શકે તેમ નથી.'' આ સાંભળી સુહાની સહનશીલતાનો ખ્યાલ આવ્યો.એ પણ જાણવા મળ્યું કે, સુહાએ ભારતીય પ્રૌઢ વ્યક્તિઓને મદદ કરતી સેવા-સંસ્થા શરૂ કરી છે.

ત્યાર બાદ જ્યારે પણ અમે મળતાં કે ફોન પર વાતો કરતાં ત્યારે સુહા પોતાની અને સમાજની અનેક સમસ્યાઓ વિષે મારો અભિપ્રાય માંગતી.

કાર્યક્રમના દિવસે, સુહા સમયસર લેવા આવી. ટ્રાફિક અને સમયનાં દબાણને લીધે જતી વખતે તો વાત ન થઈ પરંતુ, વળતાં સુહા ગમગીન ચહેરે બોલી, ''દીદી, છ મહિના પહેલાં રણબીરથી હું અલગ થઈ ગઈ. મારા સાસુ વર્ષ પહેલાં મૃત્યુ પામ્યાં પણ તેમની બિમારી અને બીજા કારણોને લીધે અમારાં સંબંધમાં અકળામણ વધી હતી. તો પણ, હું સાથે રહી પરિસ્થિતિ સુધારવા તૈયાર હતી. પણ રણબીર ન માન્યા. બીજી એક સમસ્યા ઊભી થઈ તેમાં અમારા વચ્ચે સખ્ત વિરોધ સર્જાયો. હું મા તરીકે પરિસ્થિતિ સ્વીકારી શકી પણ રણબીર ન સ્વીકારી શક્યા.''

''એવું તે શું થયું?''...પ્રશ્નાર્થભરી નજરે હું તેની સામે જોઈ રહી. ઘર આવતાં સુહાએ કાર અટકાવી. તેની પર્સ ખોલી એક આમંત્રણ કાર્ડ મને આપ્યું. જેમાં લખ્યું હતું...

ભાવભર્યું નિમંત્રણ:

ચિ.અનુ અને જેનિફરનાં લગ્નની ઉજવણી...

યજમાન: સુહા અને પરિવાર...

''ઓહ! અનુએ સમાજીક રૂઢીગત નિયમ તોડ્યો? અને તેથી, અણબનાવનું અંતિમ પરિણામ આ કારણે આવી ગયું... તારા અને રણબીરનાં છૂટાછેડા?''

''અનુ અને જેનિફરનાં સંબંધને રણબીર અપનાવવા તૈયાર જ નથી.'' સુહાની આંખમાં આંસુ જોઈ મારું મન પણ રડી ઊઠ્યું. ''મારું એકલાપણું કેટલિક વખત અસહ્ય બની જાય છે. આ બધી તૈયારીમાં પણ તેનો સાથ ન હતો.''

''રણબીર સત્કાર સમારંભમાં પણ નહીં આવે?''

''આવશે...એક મહેમાનની જેમ.''

સુહાને વ્હાલ કરી મેં કહ્યું, ''તું જરાય દુખ નહીં લગાડતી. રણબીરની મન:સ્થિતિ તારા જેટલી ઉચ્ચ

કક્ષાની નથી તેથી એ સ્વીકારી ન શક્યા. દરેકમાં અસીમ સ્નેહ કરવાની ક્ષમતા નથી હોતી.

લે. સરયૂ પરીખ

# તળાજા રોડ પર લડતા બે પાડાનો સ્ટ્રિટ પોલ પરથી ઇન્ટરવ્યુ!!!

બખડજંતર ચેનલના બેમાથાળા બોસ બબુચકલાલનો હુકમ વાયરાની જેમ વછૂટ્યો.

'' ગિરધરલાલ ગરબડિયા તમે અને રાજુ રદી કયાં અડબીડિયા ખાઓ છો?'' બબુચકલાલે સીબીઆઈની જેમ સમન્સ મોકલ્યું.

'' સર .વરસાદની ફોટો સ્ટોરી કરીએ છીએ'' મેં જવાબ આપ્યો.

'' એ બીજા કોઈને ભળાવી દો. તમે તાબડતોબ ભાવનગર જિલ્લાના સરતાનપુર થી તળાજા જવાના રોડ પર પહોંચો . ત્યાંની સ્ટોરી કવર કરો. ઇટસ એન અર્જન્ટ.'' આટલું કહીને બોસે ફોન જોરથી પટક્યો!!

હુ ગિરધરલાલ ગરબડિયા. બખડજંતર ચેનલનો મુખ્ય- ગૌણ જે કહો તે પત્રકાર કે રિપોર્ટર. રાજુ રદી અમારો કેમેરામેન કમ કલિનર કમ ડ્રાઇવર!!!

અમે સ્પોટ પર પહોંચ્યા. બે ઘાટીલા નમણા અને અખૂટ સામર્થના માલિક એવા મહિષકુમારો તુમુલ દ્વન્દ કરી રહ્યા હતા. ઉભી ,આડી ,ત્રાંસી ઊંચી ,નીચી, ઓનલાઇન, ઓફલાઈન બજારમાં સન્નાટા અને કુતૂહલની કરચો વેરાયેલી હતી. રસ્તો પાડાના મળમૂત્રથી શોભા રહ્યો હતો.

અમને જોઇ પાડાએ કામચલાઉ પાડાવિરામ કર્યો! અમારી પર આક્રમણ કરવા ધસ્યા!!આપણે અત્યાર સુધી સાંભળેલું કે બે પાડા લડે તો ઝાડનો ખોં નીકળી જાય. એ કહેવતમાં મોડીફિકેશન કરવાની નોબત આવી. ઝાડની જગ્યાએ હું અને રાજુ રદી આવી ગયા.

રાજુએ આફતને અવસરમાં પલટી નાંખી. રાજુ દોડીને એક ખુલ્લા ઘરમાં બોગસ કાગળે પર કોઇ ભારતીય અમેરિકામાં અતિક્રમણ કરે તેમ ઘુસી ગયો. મે તરત જ લલકાર્યું દોસ્ત દોસ્ત ના રહા!!મારા ઘોઘરા ઘસાઈ ગયેલ લોંગપ્લે રેકર્ડ ( અલ્યા એલ. કે. અડવાણી કોણ બોલ્યું? ખબરદાર કોઇ વડીલ-માર્ગદર્શક શીર્ષસ્થ નેતાનું નામ બોલ્યું છે તો! મારા જેવો ભૂંડો કોઇ નથી સમજી લેજો(ગિરધરભાઇ આ જાહેર કરવાની કયાં જરૂર છે?)તમે રાણી મુખરજીનું નામ લઇ શકો છો!)જેવા અવાજથી શ્રી પાડાજી ( નેતાઓ આતંકવાદીના નામ આગળ શ્રીનું લટકણિયું લગાવી શકતા હોય તો પાડાનો શો વાંક છે? પાડાકૂળમાં જન્મ લેવો એ અપરાધ છે? અલબત, પાડાઓ આતંકવાદીની જેમ આતંક ફેલાવતા હોય છે!!) ભડક્યા. મારા પર લપક્યા. ડૂબતો તરણું ઝાલે તેમ લાઇનમેન જેવો પૂર્વાનુભવ ન હોવા છતાં જેમ તેમ કરીને સ્ટ્રીટલાઇટના પોલ પર ચડી ગયો. સેકસી ગર્લ્સ પોલ ડાન્સ કરે તેમ મેં લડતા પાડાઓનો જગતનો પ્રથમ પોલ ઇન્ટરવ્યું લીધો. આવતીકાલના છાપા ચેનલોમાં મારા યુનિક ઇન્ટરવ્યુથી તહલક મચી જશે!!!

''''પાડાભાઇ,શાંતિમય સહાસ્તિત્વ અને પંચશીલના કલ્યાણકારી સિધ્ધાંતોનોલોપ કરી આ પ્રકારનું વિદ્વવશંક યુધ્ધ શા માટે?'' અમે સવાલ કર્યો.

'' ભોંઓ ભોંઓપસમજાય એવા સવાલ કરો. અમે ભદ્રંભદ્ર પુસ્તક ચાલ્યું નથી કે વાગોળ્યું નથી'' પાડાએ નારાજગી જાહેર કરી.

''તમે બે બુધ્ધિના બળદિયા લડ્યા કેમ? સરળ ભાષામાં સવાલ પૂછ્યો.

''સાહેબ, બળદિયા કહીને ગાળ નહીં દેવાની. અમને પાડા હોવાનો ગર્વ છે. તમે કહો છો તેમ અમે જન્મે પણ પાડા છીએ અને મરીશું ત્યાં સુધી પાડા જ રહેવાના!!''મહિષકુમારે ચોખવટ કરી.

'' તમે બજારમાં લડો એના કરતાં ગામની સીમમાં કે વેરાન જગ્યાએ લડી ન શકો? લોકો કેટલા ભયભીત રહે છે તેની તમને ખબર છે??'' અમે આઇબી જેવી ઉલટ તપાસ આદરી.

'' જંગલમે મોર નાચે કિસને દીખા?અમે બે પાડા જંગલમાં લડ્યા હોત તો તમે મારો ઇન્ટરવ્યુ લેવા થોડા આવ્યા હોત!!''પાડાએ સામો સવાલ કર્યો.

'' તમે લડ્યા શું કામ ?'' અમે સવાલ દોહરાવ્યો.

'' ભાઇ. આ વાદળ અમને કનડે છે.અમે શિંગડું ઉલાળીએ તો પણ વાદળને અડે નહીં. પૂંછડું અડાડે તો પણ વાદળને નડે નહીં. માખી, મચ્છર , જીવજંતુ કનડે. પૂંછડું ઉલાળીને કે કાન હલાવીને બધાને ભગાડીએ.પીઠ પર બેસેલા જીવડાંને પીઠની ચામડી હલાવે તો ખસીને પાછા બેસી જાય!! રસ્તા, જમીન ભીના થાય એટલે બેસી શકાય નહીં. માણસોની જેમ અમારી પાસે પંખા, કૂલર, એસી હોય નહી! પછી અમે અકળાઇને લડીએ નહી તો રામ ધૂન ગાઇએ??'' પાડાએ ભાંભરતાં કહ્યું.

''તમિલનાડુંમાં જલ્લીકટુ અને સ્પેનમાં પાડાની લડાઇ થાય છે. તે વિશે શું કહેવું છે?'' મેં રાઝકી બાત જાણવા યોર્કર ફેંકયો.

'' નો કોમેન્ટસ. મેનકા ગાંધીને પૂછો. પેટાને પૂછો''પાડાએ ડિપ્લોમેટિક જવાબ આપ્યો.

''અચ્છા .આખરી સવાલ લડવાનું કારણ કહો. પ્લીલીલીલીલીઇઇઇઇઝ!!!'' મે પૂછયું '' જુઓ. અમારી પાસે મોબાઇલ નથી કે અમે પબજી કે બ્લુ વ્હેલ ગેમ રમી શકીએ.અમારી પાસે ટીવી નથી કે ઓટીટી કે એમેઝોન પ્લેટફોર્મ કે અમે સિરિયલો કે પિકચર જોઇએ. અમારી પાસે જોબ નથી. અમે કરીએ તો શું કરીએ?? ચલ ભાગ . અહીથી નહીતર શીંગડે ઉછાળી દઇશ'' હું સ્ટ્રીટ પોલ પરથી ઉતરીને રાજુ રદીને લઇ ચાલતો થયો. પેલાં બંને પાડા હજુ સુધી લડતા હતા.

# આપણા કરોડપતિ ધારાસભ્યોની શૈક્ષણિક લાયકાત કેટલી હોવી જોઈએ? શૈક્ષણિક લાયકાત કેટલી હોવી જોઈએ?




ગુજરાત ઈલેકશન વોચ અને એ. ડી આરે ગુજરાતના ધારાસભ્યોની આવક વ્યવસાય અંગેની વિગતો જાહેર કરી છે.જેમાં ૧૬૧ ધારાસભ્યોએ ચૂંટણી પંચ સમક્ષ વિગતો આપી છે.તે મુજબ ગુજરાતના ૬૩ ધારાસભ્યો માત્ર ધોરણ ૧૦ સુધી ભણેલા છે જેમાં ભાજપના ૩૮ કોંગ્રેસ ૨૪ અને એક અપક્ષ ધારાસભ્ય છે.એક પણ ધારાસભ્ય હાલમાં ખેતી કરતા નથી છતાં ૫૬ ધારાસભ્યોએ પોતે ખેડૂત હોવાનું દર્શાવ્યું છે.

એ ડી. આર. ના સર્વે મુજબ જે ધારાસભ્ય ધોરણ ૫ સુધી ભણેલા છે તેમની સરેરાશ આવક રૂપિયા સાડા છ લાખ રૂપિયા છે.૮૫ ધારાસભ્યોની શૈક્ષણિક ધોરણ ૫ થી ૧૨ વચ્ચે છે એમની સરેરાશ વાર્ષિક આવક ૨૦ લાખ રૂપિયા છે કેટલા ગરીબ છે આપણા ધારાસભ્યો મહિને ફક્ત આશરે દોઢ લાખ રૂપિયા જ કમાઈ લે છે બાકીના લાખો રૂપિયા કોણ કમાઈ છે અને ઉપરના રૂપિયાની કેટલી આવક છે એ કોઈ પૂછતું નથી અને કોઈ બોલતું નથી કહેતું નથી.

ગુજરાતના ૫૬ ધારાસભ્યો પોતે ખેડૂત હોવાનું કહ્યું છે પણ ખેતીની જમીન ક્યાં આવી છે? કેટલા વીઘા જમીન છે? કેટલા કરોડની જમીન છે એ બતાવ્યું નથી

ગ્રેજ્યુએટ અઠવા તેનાથી વધુ ભણેલા ૬૩ ધારાસભ્યોની વાર્ષિક આવક ૧૪ લાખ રૂપિયા છે. ૪ ધારાસભ્યઓએ પોતાનો વ્યવસાય રીઅલ એસ્ટેટ બતાવ્યો છે એમની વાર્ષિક આવક ૭૬ લાખ રૂપિયા છે વ્યવસાયે

સામાજિક કાર્યકર. હોવાનું દર્શાવનાર ચાર ધારાસભ્ય છે એમની વાર્ષિક આવક ૬ લાખ રૂપિયા છે મહિને માત્ર ૫૦૦૦૦ હજાર કમાઈ લે છે.

ગુજરાતના ૧૬૧ ધારાસભ્યોની વાર્ષિક આવક સરેરાશ ૧૯ લાખ રૂપિયા છે

ગુજરાતના વર્તમાન ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી ધોરણ ૮ પાસ છે.

એક સામાન્ય પટાવાળાની નોકરી માટે ધોરણ ૧૦.ફરજીયાત જરૂરી છે તો રાજ્ય કે કેન્દ્રમા સાંસદ બનવા કેટલી શૈક્ષણિક લાયકાત જોઈએ?એક સરકારમાં તમે જવાબદાર હોદ્દા પર હોય તો માત્ર ઓર્ડર આપવાથી કે તૈયાર લખેલા ભાષણોથી કામ ચાલતું નથી.અબજો રૂપિયાના અર્થતંત્રને ચલાવવા યોગ્ય વિઝન આવડત દુરદેશીની પણ જરૂર પડે છે.આ દરેક કાર્યો સ્વાભાવિક છે કે સરકારી બાબુઓ કરે છે એને કારણે આ બાબુઓ પોતે સરકાર છે એમ પણ ગાઈ વગાડીને કહે છે.

અમુક યુવાનો એક ડગલું આગળ વધી આઈ એ એસ જે આઈ પી એસ.જેવી સિવિલ સેવાઓની પરીક્ષા આપવા સર્વસ્વ દાવ પર લગાવી દેતા હોય છે

સનદી સેવા હોય કે મેડિકલ સેવા. હોય કે બેંક હોય કે ખાનગી કંપનીઓ હોય દરેક જગ્યા પર કંપનીઓ અથવા જે તે ઓફિસર લાયકાત મુજબ પોસ્ટ અથવા. પોસ્ટ ફાળવે છે દુનિયાની સૌથી અઘરી મનાતી ભારતીય સિવિલ સેવાઓની પરીક્ષા પાસ કર્યા પછી.આઈ પી એસ કે આઈ એ. એસ બનતા યુવાનોને છેલ્લે અભણ અલ્પ શિક્ષિત નેતાઓને જ સલામ મારવી પડે છે એ ભારતના શિક્ષણની સૌથી ખરાબ અને શરમજનક વાત છે.

જયારે આજે વર્તમાન સમયમાં વિદ્યાર્થી અવસથામા શાળાકીય રાજનીતિના પાઠ ભણવાને કારણે આજનો યુવાવર્ગ અધિકારી બનવા કરતા નેતા બનવાનું પસઁદ કરે છે વિવિધ પ્રકારની રિલ્સ અને સ્ટેટ્સ વિડિઓ આવ્યા બાદ આ ચલણમા વધારો જોવા મળ્યો છે. ત્યારે સમાજમાં વેલ સ્કિલ્ડ નેતા અથવા તો આગેવાન બનવું વધુ મુશ્કેલ બની શકે છે આ બાબત આપણા સમાજ અને દેશ માટે ગંભીર ચિંતાનો વિષય છે

પ્રજા તરીકે આપણે જ જો અભણ અને અલ્પશિક્ષિત નેતાઓનું સમર્થન કરીશું તો દેશને લાયક અને ભણેલા નેતાઓ કેવી રીતે મળશે? દેશના દરેક નાગરિકો આ ગંભીર પ્રશ્ન પર વિચાર કરશે તો ભવિષ્યમા આ બાબતે જરૂર સુધારો જોવા મળી શકશે.

અ બ બા સ ભા ઈ કૌકાવાલા

## જેન્ડર ફલ્યુઇડ

મને બાંકી ને છેલછબીલી પાઘડી ગમે છે,
મલમલની મોહક મોભાદાર સાડી ગમે છે.


મને સ્ટીલનું પૌરૂષી ગોળ કડું ગમે છે,
કોમળ કાંડે કચકડાની બંગડી ગમે છે.

હોઠ પર લાગણીની લિપસ્ટીક ગમે છે,
પાનની કિમામ-તમાકુની સુંગધડી ગમે છે.

પૌરૂષી પગમાં ચાંચવાળા જોડાંજુતા ગમે છે
મારા પગમાં મુલાયમ સુંવાળી મોજડી ગમે છે.

ભીતર કોઈ કેમિકલ લોચો બોચો છે કે શું?
પૌરૂષ-સ્ત્રીત્વની ધમાધમ ધમાચકડી ગમે છે.

ભરત વૈષ્ણવ



સમસ્ત મહાજન દ્વારા " સુમંગલમ વ્યાખ્યાન શ્રૃંખલા" ના વિષય પર વેબીનાર શૃંખલાનો શુભારંભ.
વૈશ્વીક સ્તરે જળ, જંગલ, જમીન, જનાવર, જનની સુખાકારી માટે કાર્યરત સંસ્થા સમસ્ત મહાજન દ્વારા "સુમંગલમ વ્યાખ્યાન શ્રૃંખલા" વિષય પર વેબીનાર શ્રૃંખલાનો શુભારંભ કરાયો છે જે અંતર્ગત તા.૧૪/૦૭/૨૦૨૩ ને શુક્રવારના રોજ રાત્રે ૮-૩૦ કલાકે રાષ્ટ્રીય વેબીનાર યોજાશે. જેમાં ''સુમંગલમ પરંપરાઓથી છલકાતી પ્રકૃતિ'' નાં વિષય પર માર્ગદર્શન આપવાનો પ્રયાસ આ વેબીનારમાં કરવામાં આવશે. જેમાં મુખ્ય વકતા તથા કાર્યક્રમનાં સંચાલક ડો. મીનાકુમારી જાંગીડ તથા ભારત સરકારના એનીમલ વેલફેર બોર્ડના સદસ્ય અને સમસ્ત મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટી ગીરીશભાઈ શાહ માર્ગદર્શન આપશે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




*N.O.G. S. S. No.0102*.
★નામઃ-રતિલાલ વાયડા★
★વિષયઃ - પરિવાર★.
★પ્રકારઃ- ગદ્ય લેખ★.
★શીર્ષકઃ- સુખી પરિવાર★.
★રચનાઃ★-

સામાન્ય રીતે લોહીનો એક જ સંબંધ ધરાવતા લોકો એક જ ઘરમાં એક જ છતની નીચે રહેતા હોય તેને આપણે પરિવાર ગણી શકીએ.

આમાંદાદા,દાદી ,માબાપ ,બહેનો ,ભાઈઓ,કાકા ,કાકી, વગેરેનો સામાન્ય રીતે સમાવેશ થાય છે.

પરિવારમાં લોકો સંપથી રહે છે અને મોટા પરિવાર હોવાને કારણે સૌ એકબીજાના સુખ દુઃખમાં ભાગ લેછે. સાથે મળીને કામ કરે છે. આનંદ અને ઉત્સાહનું વાતાવરણ ઘરમાં જોવા મળે છે.

વૃદ્ધ થયેલા દાદા દાદી નું ઘરના લોકો ઈજ્જત કરે તેને સમયે સમયે તમામ જરૂરિયાતો પૂરી પાડે આ ઉપરાંત દેરાણી જેઠાણી સાથે મળી અને હસી બોલીને બે બહેનોની જેમ કામ કરતી હોય. આજ્ઞાંકિત પુત્રવધુ હોય અને સૌની કાળજી રાખતી હોય. ઘરની દીકરીઓ ઘરકામમાં મદદ કરે શિક્ષણમાં પોતાનું કાર્ય કરે .નવી નવી પ્રવૃત્તિઓ શીખે. ભાઈઓ પણ સારું શિક્ષણ મેળવતા હોય. રમત ગમત કરે ઘરના લોકોને માટે નાનાસુના કામ કરે અને એકબીજાની તરફ પ્રેમ અને સ્નેહની ભાવનાથી જુએ તે જ સાચો અને સુખી પરિવાર કહેવાય.

પહેલાના જમાનામાં લોકો સંયુક્ત કુટુંબમાં રહેતા હતા . હાલની પરિસ્થિતિ બદલતા ધીરે ધીરે વિભક્ત કુટુંબો થવા લાગ્યા છે અને તેમાં પણ માતા-પિતા બાળકો ખૂબ જ આનંદથી પોતાનું જીવન વ્યતીત કરે તેને સુખી પરિવાર કહેવાય.

પરિવારમાં લોકો સુખ દુઃખના સમયે ખભે ખભા મિલાવીને કામ કરતા હોય છે. એકબીજાનું માન સન્માન જાળવતા હોય છે. આ ઉપરાંત કોઈપણ સમયે પણ જો કોઈ કામ હોય તો તેઓ હસ્તે મોઢે કરતા હોતા હોય છે .કુટુંબમાં પ્રેમની દોરીથી તમામ લોકો બંધાયેલા હોતા હોય છે. એકબીજાની અગવડ સગવડો જોઈ સહકારથી રહેછે. આ રીતે કુટુંબભાવના જળવાઈ રહે છે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS N0 :089
વિષય પરિવાર
પ્રકાર : ગદ્ય
શીર્ષક સ્નેહ નિતરતો

નામ : પ્રવિણા કડકિઆ

---

જ્યાં પારાવાર સ્નેહ જણાય તેને પરિવાર કહેવાય. આજની ૨૧મી સદીમાં પરિવાર નાના થતા ગયા. સ્નેહ તો જાણે કોઈ વાર ડોકિયાં કરતો હોય તેવો જણાય.

સવારથી પથારી છોડે નહીં ને દોડધામ શરુ. કોને ખબર સહુને કયાં જવાની ઉતાવળ હોય છે ?

પરિવારમાં દાદા, દાદી, માતા, પિતા અને બાળકોની ચહલ પહલ જણાય એ દ્રશ્ય હવે વિસરાતું જાય છે.

પહેલાના જમાનામાં ઘર ભલે નાના હતાં , પરિવારના સભ્યો હળી મળીને રહેતાં . એકબીજાની લાગણીને માન આપતા. વડીલો આદરભાવથી સહુ સંગે રહેતા.

હવે પરિવાર નાના થતા ગયા , ઘર ખૂબ મોટા હોય. કૂતરાના માન પાન વધી ગયા. વડીલો માટે
ઘરડા ઘર ઉભરાતા ગયા. સ્નેહ ખૂણામાં સંતાઈ ગયો. પૈસા પાછળની આંધળી દોટમાં પરિવારના સભ્યો હોડ બકી રહ્યા.

જે પરિવારમાં રાતનું ભાણું સાથે લેવાતું હોય ત્યાં હજુ સ્નેહની ગંગા વહેતી જણાય છે.

બાળપણમાં પરિવારની ઉષ્મા માણી હોય તો તેની હુંફ આખી જીંદગી પહોંચે છે. બાળપણ કદી કાયમ ટકતું નથી. જ્યારે પોતાનો પરિવાર શરુ થાયછે ત્યારે એ મીઠાં સંસ્મરણો દિલમાં ઉમંગની ભરતી લાવે છે.

આજે પરિવાર , પરાયો લાગે છે. મિત્રો પરિવારના અંતર્ગત સભ્યો બની ગયા છે. વિસરાઈ ગયું છે, પરિવાર ઈશ્વરની આપેલી સોગાત છે. કપરા સંજોગોમાં પરિવાર જ કામ આવશે.

મિત્રોના અનેક પ્રકાર હોય છે, ભરમાશો નહી. પાણી કરતાં લોહી જાડું છે. લોહીનો યાદ સદા ગુંજી ઊઠશે.

પરિવાર હોય તો તેને સંપ દ્વારા જાળવવો. પ્રેમ દ્વારા તેને નવપલ્લવિત રાખવો. અનાથને પૂછી જોજો પરિવારની કિંમત શું છે !

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

ર્દ્રંર જીજી ર્દ્ર.૭૩
પ્રકાર.. ગદ્ય
વિષય.. પરિવાર
શીર્ષક..પરિવાર

પરિવારનો અર્થ સાથે રહેવું પહેલાના જમાનામાં સંયુક્ત પરિવાર રહેતો જેમાં નાના મોટાની છત્રછાયામાં રહેતા કોઈ તણાવ નહીં કોઈ મુશ્કેલી આવે તો મોટાઓ પોતાના માથે લઈલે નાના ને ખબર પણ ના પડે બાળકો દાદા દાદી ને માસી ફોઈ અને એમના બાળકો સાથે મોટા થઈ જાય,નાના મોટાની માન મર્યાદા જળવાય સાથે ઉસત્વ ઉજવાય સાથે જમણવાર થાય આવું થાય ત્યારે માણસ ખુશ રહે પરિવારનો આનંદ લઈ શકે તણાવ મુક્ત રહે અત્યારે વિભક્ત કુટુંબમાં અમે બે અમારા બે નો જે ટ્રેન્ડ ચાલે છે તેમાં બાળકો આયાના ભરોસે મોટા થાય તે ચાલે પણ ઘરડા માં બાપ ના ચાલે પતિ પત્ની નોકરીમાં એટલા થાકે કે ના એ બાળકોને આનંદ આપી શકે કે પોતે આનંદ માં રહે અને પછી આવે ડિપ્રેશન તણાવ અને ઝગડા અને પરિવાર વિખેરાય જાય,પરિવાર શુ છે એની સમજ જેમનામાં સહન શકતી
હોય મોટાઓને માંન આપવાની એમની સલાહ માનવાની સમજ હોય તેનેજ પરિવારનું મહત્વ સમજાય છે પરિવાર એટલે એકલું સાથે રહેવું નહીં પણ લાગણીથી જોડાયેલા રહેવું...

નયના પટેલ..નૈન.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

ર્દ્રંર જીજી ર્દ્ર /00૪૪
વિષયઃ- પરિવાર
પ્રકારઃ- ગદ્ય
શીર્ષકઃ- પ્રેમ રૂપી સુગંધ
શબ્દોઃ- ૧૨૭
નામઃ- શ્ર વિભૂતિ દેસાઈ ઘાસવાલા બીલીમોરા

નીપા પરણીને આવી ત્યારે
સાસુની છાપ જબરાં? છે એવી
લઈને આવેલી.સાસુ સાથે સંવાદ નહિવત્.ઘરના રીત રિવાજો સાસુ સમજવે પણ મગજમાં ઉતારે એ બીજા.સાસુ એ સમજીને એ વાત પર પૂર્ણવિરામ મૂકી દીધું.વહુની સ્વચ્છંદતાને ચૂપચાપ જોતાં રહ્યાં.વહુ એ અધૂરો અભ્યાસ ચાલુ કર્યો.વહુને ભણવામાં અગવડ ન પડે એની પૂરી કાળજી સાસુ રાખે એટલે સુધી કે વહુ વાંચતી હોય ત્યાં રૂમમાં ચા-નાસ્તો આપી આવે.પરીક્ષા પૂર્ણ થઈ.પરિણામ આવ્યું તો વહુ યુનિવર્સિટી માં પ્રથમ.
પરિણામ આવતા જ જાણે
વહુનો હ્રદય પલ્ટો થયો.સાસુમા ની સામે ન જોનારી વહુ સાસુમાને પગે પડી ધ્રૂસ્કે ધ્રૂસ્કે રડી પડી."મા, મને માફ કરો, હું તમને ઓળખી ન શકી."સાસુ એ પ્રેમ થી વહુનાં આંસુ લૂછ્યા ને કહ્યું," જાગ્યા ત્યાંથી સવાર". આમ સાસુ વહુનાં સંબંધમાં પ્રેમ રુપી સુગંધથી પરિવાર મ્હેકી ઉઠ્યો.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

ર્દ્રંર જીજી ર્દ્ર : ૧૪૦
વિષય : પરિવાર
પ્રકાર : અછાંદસ
શીર્ષકઃ લુપ્ત થતાં સંયુક્ત પરિવાર
શબ્દો : ૧૪૩
લેખકનું નામઃ હેમા પિનાકીન ત્રિવેદી

સુખી પરિવાર કોને કહું અમે બે અમારાં બે ?

હળી મળી ત્રણ પેઢી એક સાથે રહેતી.
ઓછું વત્તી આવક પણ સંયુક્ત ગણાતી.

કાકા કાકી ફોઈ ભત્રીજા
બધાં થયાં પરાયાં.
સાથે બેસી સાથે જમતાં મજાક મસ્તી સાથે કરતાં

સગાભાઈ હતા કાકા મામા ફોઈના દીકરા,
કહેવાય એ સૌ હવે કઝીન ..

સુખદુઃખમાં સૌ સાથે રહેતાં,ખભે મૂકી હાથ ..
હવે સાજે માંદે પણ ફોનથી ખબર પૂછતાં..

દાદા દાદીમા વારતા કહેતાં, ?વાર્તા સાંભળીને સૌ સૂતાં.
હવે ટીવી કાર્ટુન જોતાં જોતાં આંખે ચશ્મા આવ્યા.

પાંખા થયાં પરિવાર ને અનુભવોની પોટલી છુટી
ફેસબુકે ગુડમૉર્નિન્ગ કહે
જયશ્રીકૃષ્ણની પ્રથા છુટી.

કંકોત્રીમાં આશીર્વાદ વડીલોના લખે,
બાળકોના કાલાઘેલા ટહુકા લખે,
પ્રસંગે ભાઈઓની અનુપસ્થિતિ,
માણેક સ્તંભ રોપે પારકાં.

જોઉં રોજ રોજ પરિવાર તૂટતાં.. ’પંડ્યા સ્ટોર’ કહે ’બાગબાન’ ની કહાની.
તૂટ્યો સંયુક્ત પરિવાર,
જેમનાં થકી જગમાં આવ્યાં એ માબાપ પણ ના સમાણાં..

વસુધૈવ કુટુંબકમ્ ની ભાવના લાજી.
પાંચ પાંડવ રહ્યા પુરાણે,
હવે તો અમે બે અમારાં બે .

# એમસીએક્સ પર ચાંદીના વાયદાના ભાવમાં રૂ.૫૪૨નો ઉછાળો : સોનું, ક્રૂડ તેલમાં સીમિત રેન્જમાં સુધારો

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ગુરૂવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૮૪,૭૬૪ સોદાઓમાં કુલ રૂ.૨૫,૫૭૧.૩૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૬,૮૬૩.૦૮ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૮૬૯૬.૨૩ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૬૦,૫૬૪ સોદાઓમાં રૂ.૪,૬૪૭.૧૮ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯,૨૩૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૩૬૦ અને નીચામાં રૂ.૫૯,૧૬૭ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૮૪ વધી રૂ.૫૯,૨૭૨ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જુલાઈ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૬ વધી રૂ.૪૭,૮૭૨ અને ગોલ્ડ-પેટલ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૩ વધી રૂ.૫,૯૦૬ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૨ વધી રૂ.૫૯,૨૦૫ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૩,૬૮૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૪,૧૫૯ અને નીચામાં રૂ.૭૩,૫૯૩ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૪૨ વધી રૂ.૭૪,૦૮૮ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૫૬૨ વધી રૂ.૭૩,૯૮૫ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૫૫૭ વધી રૂ.૭૩,૯૯૪ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૦,૭૫૩ સોદાઓમાં રૂ.૧,૧૪૬.૪૫ કરોડના વેપાર થયા હતા. તાંબુ જુલાઈ વાયદો રૂ.૭૨૮.૯૫ના ભાવે ખૂલી, રૂ.૫.૨૫ વધી રૂ.૭૩૩.૬૦ જ્યારે એલ્યુમિનિયમ જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૨.૦૫ વધી રૂ.૨૦૧.૮૦ તેમ જ સીસું જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૫ વધી રૂ.૧૮૩ના ભાવ થયા હતા. જસત જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૩.૩૦ વધી રૂ.૨૨૦ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની જુલાઈ વાયદો ૧ કિલોદીઠ રૂ.૨.૧૦ વધી રૂ.૨૦૧.૭૫ સીસુ-મિની જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૦.૪૫ વધી રૂ.૧૮૨.૯૦ જસત-મિની જુલાઈ વાયદો રૂ.૩.૨૫ વધી રૂ.૨૨૦ બોલાઈ રહ્યો હતો.

## ડેઈલી માર્કેટ રિપોર્ટ

નૈમિષ ત્રિવેદી

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૨૭,૨૫૧ સોદાઓમાં રૂ.૧,૦૫૯.૪૮ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૨૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૨૪૭ અને નીચામાં રૂ.૬,૨૧૩ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૪ વધી રૂ.૬,૨૨૭ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની જુલાઈ વાયદો રૂ.૧૨ વધી રૂ.૬,૨૨૭ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ જુલાઈ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૧૮ના ભાવે ખૂલી, રૂ.૧.૭૦ ઘટી રૂ.૨૧૬.૪૦ અને નેચરલ ગેસ-મિની જુલાઈ વાયદો ૧.૬ ઘટી ૨૧૬.૭ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૯.૯૭ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૬,૭૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૬,૮૦૦ અને નીચામાં રૂ.૫૬,૬૦૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૪૦ ઘટી રૂ.૫૬,૭૪૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૮ ઘટી રૂ.૮૮૦.૨૦ બોલાયો હતો.

કામકાજની દ્દષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૨૩૨.૩૧ કરોડનાં ૩,૭૫૯.૨૮૩ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૪૧૪.૮૭ કરોડનાં ૩૨૬.૫૧૯ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૫૩૮.૨૪ કરોડનાં ૮૬૩,૯૫૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૫૨૧.૨૪ કરોડનાં ૨૩,૯૮૮,૨૫૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૪૪.૧૬ કરોડનાં ૭,૧૭૯ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૫૧.૩૫ કરોડનાં ૨,૮૦૯ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૫૪૯.૮૭ કરોડનાં ૭,૫૨૩ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૪૦૧.૦૭ કરોડનાં ૧૮,૩૧૬ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૩ કરોડનાં ૫૨૮ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૬.૯૭ કરોડનાં ૭૮.૪૮ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૩૩૧.૧૯૨ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૯૫.૬૩૯ ટન, તાંબાના વાયદાઓમાં ૧૪,૫૮૭.૫૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૧,૯૭૯ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૩,૪૨૬ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૮,૧૪૪ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧,૪૨૭,૬૯૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૪૭,૮૬૧,૫૦૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૮,૫૭૬ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૩૪૭.૭૬ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૧૨.૦૪ કરોડનાં ૧૫૦ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૩૮૯ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ જુલાઈ વાયદો ૧૬,૦૪૦ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૦૭૪ અને નીચામાં ૧૬,૦૩૨ બોલાઈ, ૪૨ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૫૧ પોઈન્ટ વધી ૧૬,૦૬૪ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૮૬૯૬.૨૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૯૫૫.૬૨ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૨૭.૯૪ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૪૬૬૨.૭૭ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૫૪૬.૦૮ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૨૪૪.૧૮ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જુલાઈ રૂ.૬,૨૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૯૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૧૦.૫૦ અને નીચામાં રૂ.૯૪ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧.૨૦ વધી રૂ.૧૦૧.૮૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જુલાઈ રૂ.૨૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૯.૦૫ ખૂલી, ઉપરમાં રૂ.૯.૫૫ અને નીચામાં રૂ.૭.૯૦ રહી, અંતે રૂ.૦.૬૫ ઘટી રૂ.૮.૪૦ થયો હતો.

સોનું જુલાઈ રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૯૩.૫૦ અને નીચામાં રૂ.૧૫૦.૫૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૨ વધી રૂ.૧૮૦ થયો હતો, જ્યારે સોનું-મિની જુલાઈ રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૮૮ ખૂલી, ઊપરમાં રૂ.૫૬૯.૫૦ અને નીચામાં રૂ.૪૫૫ રહી, અંતે રૂ.૮૫ વધી રૂ.૫૪૫.૫૦ થયો હતો.

ચાંદી ઓગસ્ટ રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૪૭૫.૫૦ના ભાવે ખૂલી, રૂ.૨૩૨ વધી રૂ.૧,૬૨૬ થયો હતો, જ્યારે ચાંદી-મિની ઓગસ્ટ રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૩૪૯ના ભાવે

આભાર - નિહારીકા રવિયા ખૂલી, રૂ.૨૪૪ વધી રૂ.૧,૫૦૭.૫૦ થયો હતો. તાંબુ જુલાઈ રૂ.૭૩૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૬૦ વધી રૂ.૬.૭૩ જસત જુલાઈ રૂ.૨૧૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧.૩૯ વધી રૂ.૮.૫૪ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જુલાઈ રૂ.૬,૨૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૮૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૯૫ અને નીચામાં રૂ.૬૮.૮૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૮.૨૦ ઘટી રૂ.૮૧.૬૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જુલાઈ રૂ.૨૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૦.૬૫ ખૂલી, ઉપરમાં રૂ.૧૨.૨૫ અને નીચામાં રૂ.૧૦.૪૦ રહી, અંતે રૂ.૦.૮૫ વધી રૂ.૧૧.૮૦ થયો હતો.

સોનું જુલાઈ રૂ.૫૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૯૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૯૧.૫૦ અને નીચામાં રૂ.૬૭.૫૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૮.૫૦ ઘટી રૂ.૭૯ થયો હતો, જ્યારે સોનું-મિની જુલાઈ રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૫૩ ખૂલી, ઊપરમાં રૂ.૩૮૪ અને નીચામાં રૂ.૩૨૦.૫૦ રહી, અંતે રૂ.૩૧ ઘટી રૂ.૩૪૭.૫૦ થયો હતો.

ચાંદી ઓગસ્ટ રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૨૩૦ના ભાવે ખૂલી, રૂ.૧૫૨ ઘટી રૂ.૧,૧૯૬.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની ઓગસ્ટ રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૩૧૦.૫૦ના ભાવે ખૂલી, રૂ.૧૭૭.૫૦ ઘટી રૂ.૧,૧૩૩ થયો હતો.

# દૂનિયા પર ગુલિયન બેરી સિન્ડ્રોમ નામની બિમારીનો ખતરો



નવીદિલ્હી,તા.૧૩

ગુલિયન બેરી સિન્ડ્રોમના કારણોને સંપૂર્ણ રીતે સમજવું હજુ પણ તબીબી વિજ્ઞાન માટે એક પડકાર છે. પરંતુ ગુઈલેન બેરી સિન્ડ્રોમને ઓટોઇમ્યુન ડિસઓર્ડર કહેવામાં આવે છે. સર્જરી અથવા રસીકરણ પછી સાત દિવસથી પાંચ અઠવાડિયામાં બે તૃતીયાંશ દર્દીઓમાં ગુઈલેન-બેરે સિન્ડ્રોમ જોવા મળે છે. તે જ સમયે, કેટલાક લોકોમાં, આ ચેપ ટ્રિગરની જેમ કાર્ય કરે છે. પેરુએ તેને સ્વાસ્થ્ય કટોકટી જાહેર કરી છે. આ બીમારીના કારણે લોકો લકવાગ્રસ્ત થઈ રહ્યા છે. શું હોય છે ગુલિયન બેરી સિન્ડ્રોમ ?.. તે જાણો.. ગુઈલેન-બેરે સિન્ડ્રોમ રોગથી પીડિત લોકોની રોગપ્રતિકારક શક્તિ તેમના શરીરની રોગપ્રતિકારક શક્તિ સામે કામ કરવાનું શરૂ કરે છે. એટલા માટે તેને ઓટો ઈમ્યુન ડિસઓર્ડરની શ્રેણીમાં રાખવામાં આવ્યો છે. આ રોગનો ભોગ બનેલા લોકોમાં નબળાઈ ઉપરાંત હાથ-પગમાં કળતર અનુભવાય છે. વાસ્તવમાં, શરૂઆતમાં શ્વાસની બીમારી પણ અનુભવાય છે, પરંતુ લાંબા સમય પછી શરીર સંપૂર્ણપણે લકવાગ્રસ્ત થઈ શકે છે. આ બીમારીમાં બ્લડ પ્રેશરની સમસ્યાથી લઈને શ્વાસ લેવામાં તકલીફ જેવી ગંભીર સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે. ગુઈલેન-બેરે સિન્ડ્રોમ એ ઝડપથી પ્રગતિશીલ પોલિન્યુરોપથી છે જે સ્નાયુઓની નબળાઈનું કારણ બને છે. તેની સારવાર માટેૈંફ રોગપ્રતિકારક ગ્લોબ્યુલિન, પ્લાઝ્મા એક્સચેન્જ અને ગંભીર કિસ્સાઓમાં યાંત્રિક વેન્ટિલેશનની જરૂર પડી શકે છે. ગુલિયન બેરી સિન્ડ્રોમના કારણો પણ જાણો.. ગુલિયન બેરી સિન્ડ્રોમનું કારણ શોધવું એ મેડિકલ સાયન્સ માટે એક પડકાર છે. આ અંગે અનેક પ્રકારના સંશોધનો થઈ રહ્યા છે. પરંતુ એવું કહેવાય છે કે શરીરની રોગપ્રતિકારક શક્તિ પીડિત લોકોની જ્ઞાનતંતુઓને નુકસાન પહોંચાડે છે. તેથી જ તેને સ્વયંપ્રતિરક્ષા રોગ તરીકે નામ આપવામાં આવ્યું છે.

# ગુજરાતનું GIFT સિટી પહેલી વખત આંતરરાષ્ટ્રીય ચર્ચાનું પ્લેટફોર્મ બનશે



ભારતની પ્રથમ ઓપરેશનલ સ્માર્ટ સિટી અને દેશની પ્રથમ ફાયનાન્શિયલ ટેક સિટી તરીકે વિખ્યાત GIFT સિટી પહેલી વખત આંતરરાષ્ટ્રીય ચર્ચાનું પ્લેટફોર્મ બનવા જઈ રહ્યું છે. ભારતની ૫૨૦ અધ્યક્ષતા અંતર્ગત ગુજરાતમાં ફાયનાન્સ અને સેન્ટ્રલ બેન્કના ઉપ પ્રમુખોની ત્રીજી બેઠક આયોજિત થવા જઈ રહી છે. આ બેઠકના એક ભાગ તરીકે 'ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટર્સ ડાયલોગ એટ GIFT સિટી' પર મીટિંગનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકમાં ૫૨૦ દેશોના મુખ્ય પ્રતિનિધિઓ, નાણા મંત્રીઓ અને કેન્દ્રીય બેન્કના ગવર્નરો સામેલ થશે. આ કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહેશે. GIFT એટલે કે ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી એ ભારતનું પ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસિસ સેન્ટર સાથેનું બહુવિધ-સેવા વિશેષ આર્થિક ક્ષેત્ર છે. IFSC એ માત્ર ભારત માટે જ નહીં, પરંતુ વિશ્વ માટે, એક નાણાકીય અને ટેક્નોલોજી સેવાઓના એકીકૃત કેન્દ્ર તરીકે GIFT સિટીમાં સ્થિત છે. ઉલ્લેખનીય છે કે આ બેઠકના થોડા દિવસ પહેલા જ ગુજરાતે આંતરરાષ્ટ્રીય સ્તરે એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. સિંગાપોરથી ઓપરેટ થતું સિંગાપોર જોઈન્ટ એક્સચેન્જ (SGX નિફ્ટી) હવે સંપૂર્ણપણે ગિફ્ટ સિટીમાં શિફ્ટ થઈ ગયું છે અને હવે તેનું સંચાલન ભારતના પ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસિસ સેન્ટરથી શરૂ થઈ ગયું છે.

SGX નિફ્ટી ભારતના નેશનલ સ્ટોક એક્સચેન્જના નિફ્ટી ઈન્ડેક્સ પર આધારિત છે અને ભારત અને સિંગાપોરના મૂડી બજારોને જોડતી પ્રથમ ક્રોસ બોર્ડર (આંતરરાષ્ટ્રીય) પહેલ છે. સિંગાપોર એક્સચેન્જ (જીપ્ઠ) પરથી ઈન્ટરનેશનલ એક્સચેન્જ ઓફ NSE (NSE IX)ના ટ્રાન્સફર સાથે, તેનું નામ GIFT નિફ્ટી રાખવામાં આવ્યું છે.

SGX નિફ્ટીમાં શિફ્ટ થવાની સાથે જ, અંદાજે ઈ૭.૫ બિલિયનન મૂલ્યના ડિનોમિનેટેડ કોન્ટ્રાક્ટના ટ્રેડ્સ પણ હવે સીધા ગુજરાતના ઘૈંહ્વ સિટીમાંથી હાથ ધરવામાં આવે છે. આ ટ્રેડની વિદેશી તેમજ ભારતની નાણાકીય સંસ્થાઓ અને ભારતીય અર્થતંત્ર પર સકારાત્મક અસર પડશે. ગુજરાતની આ સિદ્ધિ ૫૨૦ બેઠક દરમિયાન GIFT સિટીની મુલાકાત લેનારા ૫૨૦ દેશોના પ્રતિનિધિઓમાં ચર્ચાનો વિષય બની રહી છે.

ભારતને વૈશ્વિક નાણાકીય હબ તરીકે સ્થાપિત કરવાના વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝનને અનુરૂપ GIFT rસટીની સ્થાપના અને વિકાસ કરવામાં આવ્યો છે. વર્તમાનમાં ઘૈંહ્વ સિટીમાં ઘણી પ્રમુખ રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ આવેલી છે.

# ચાલુ વરસાદમાં વૃદ્ધ માવતરોને VSSM સંસ્થા દ્વારા રાશનકીટ વિતરણ કરી



વૃદ્ધાવસ્થામાં કોઈની ઓશિયાળી જિંદગી જીવવીના પડે તે માટે બગસરા, સાપર, કોલડા, કુંકાવાવ ગામમાં રહેતા વૃદ્ધ, અશક્ત, નિરાધાર, માવતરો કે જેમની ઉંમર થતા કામ કરી શકતા નથી તેમજ ગંભીર પ્રકારની બીમારી હોય તેવા માવતરોના જીવન નિર્વાહ માટે વિચરતા સમુદાય સમર્થન મંચ સંસ્થા દ્વારા મિત્તલબેન, અને ડિમ્પલબેનના માર્ગદર્શન હેઠળ દર મહિને રાશનકીટ આપવામાં આવે છે જેમાં આ માવતરોને કરિયાણાની બધી જ વસ્તુઓ આપવામાં આવે છે. અમરેલી જિલ્લાના સંયોજક રમેશભાઈ મકવાણા દ્વારા જુલાઈ-૨૦૨૩ ની રાશનકીટનું વિતરણ કરવામાં આવ્યું. તમામ માવતરોએ હરખથી આશીર્વાદ આપી અને ખુશી વ્યક્ત કરતા બોલ્યા કે ભગવાન તમારા જેવા મદદરૂપ થનાર સૌનું ભલું કરે... વૃદ્ધ માવતરોને દર મહિને રાશનકીટમાં કરીયાણાની તમામ વસ્તુઓ વિના મૂલ્યે આપવામા આવે છે એવું રમેશભાઈ એ જણાવ્યું હતું.

### જૈવિક વિવિધતાના અનુસંધાર્થે સાયકલ પર દુનિયાના દેશોના ભ્રમણ પર નીકળેલ

# જર્મની દંપતિ સાવરકુંડલા શહેરના વન પ્રકૃતિ ચેરિટેબલ ટ્રસ્ટની પ્રકૃતિ બચાવ ઝૂંબેશથી પ્રભાવિત



શાકાહારી ભોજનની પણ અનેક વેરાયટીઓ હોય છે તેની અનુભૂતિ પણ કરી.. જાતજાતના મૉર્નિંગ બ્રેકફાસ્ટ સાથે ઓરિજિનલ કાઠિયાવાડી શાકાહારી ભોજનનો સ્વાદ માણી આત્મસંતોષ વ્યક્ત કર્યોઆમ તો આ જર્મન દંપતિ સાયકલ ઉપર સવારી કરી વિશ્ર્વના યૂરોપ અને એશિયાના અનેક દેશોમા જૈવિક વિવિધતાના અનુસંધાર્થે સાયકલ પર સવાર થઈને નીકળી પડ્યું છે. જૈવિક વૈવિધ્ય સંદર્ભે જુદા જુદા સાંપ્રત પ્રોજેક્ટ અંતર્ગત એનાં પ્રારંભિક પ્રોત્સાહન આપવા માટે પણ સ્થાનિક લોકો સાથે સંવાદ કરતાં જોવા મળ્યા હતાં. અને આમ તેણે સાવરકુંડલા આસપાસના વન્ય વિસ્તારોમાં જીવસૃષ્ટિની વૈવિધ્યતા સંદર્ભે માહિતી મેળવી હતી. આમ તો તેનું લક્ષ્ય તો વીશ કરતાં વધુ દેશોના સાયકલ પ્રવાસ દરમિયાન જૈવિક વૈવિધ્યના રક્ષણ માટેનું રીસર્ચ કરવાની નેમ છે. જો કે હજુ બાર કરતાં વધુ દેશોમાં સાયકલ પર પ્રવાસ કરીને ભારત દેશમાં પધારેલ છે. એ તો એમણે પણ સ્વીકાર્યું કે જૈવિક વૈવિધ્યના રક્ષણ માટે લોકજાગૃતિ કેળવવી પડશે. માત્ર કાગળ પર વાતો કર્યે નહી ચાલે એને મૂર્ત સ્વરૂપ આપવા માટે વાસ્તવિક ભૂમિ પર પગ મૂકવો પડશે. આમ સાવરકુંડલા વન પ્રકૃતિ ચેરિટેબલ ટ્રસ્ટની પ્રવૃત્તિને પણ તેમણે બિરદાવી સાથે સાથે આવી પ્રવૃત્તિ કરતી સંસ્થાઓ ખૂબ જ જવલ્લે જોવા મળે છે તેનો અફસોસ પણ વ્યક્ત કર્યો.

એમણે નોર્મલ રેન્જ વન વિભાગ સાવરકુંડલાની પણ મુલાકાત લીધી હતી અને વન્ય વૈવિધ્યતા સંદભે માહિતી મેળવી હતી.તેમને સમગ્ર ગીરનું માર્ગદર્શન અને માહિતી બોટાદ જિલ્લા વાઈલ્ડ લાઈફ વોર્ડન વિક્રમભાઈ ગઢવી દ્વારા સાથે રહીને આપતાં જોવા મળેલ

# ગ્લોબલ કન્ફેડરેશન ઓફ કાઉ બેઝ્ડ ઈન્ડસ્ટ્રી (જી.સી.સી.આઇ.) દ્વારા "ગોકુલમ" નામના લાઈવ વેબિનાર સિરીઝ નું આયોજન



ડૉ કથીરિયા ના માર્ગદર્શન માં આંતરરાષ્ટ્રીય કક્ષા ના વક્તા ઓ ને આમંત્રિત કરી "ગૌ આધારિત અર્થ વ્યવસ્થા" પુનઃ નિર્માણ કરવામાં મહત્વનું પ્રદાન કરાશે.

વિશ્વમાં પ્રથમ વખત ગ્લોબલ કન્ફેડરેશન ઓફ કાઉ બેઝ્ડ ઈન્ડસ્ટ્રી (જી.સી.સી.આઈ.) ગૌ સંવર્ધન પર આધારિત એક કાર્યક્રમ અને ગૌ આધારિત જીવન અને અર્થવ્યવસ્થાને સમર્પિત વ્યક્તિત્વ સાથેના સંવાદોની શ્રેણી તરીકે લાઈવ વેબિનાર સિરીઝ નું આયોજન કરી રહ્યું છે. આ વેબિનાર સિરીઝ ગૌ સંવર્ધન, ગૌ રક્ષણ, ગૌ આધારિત અર્થ વયસ્થાના પુનઃનિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ મહત્ત્વપૂર્ણ વેબિનાર હેઠળ, ગૌ સંવર્ધન અને ગૌ આધારિત જીવન અને અર્થવ્યવસ્થા પર નિષ્ણાંત, આંતર રાષ્ટ્રીય વકતાઓ સાથે સંવાદોની શ્રેણીનું આયોજન થયું છે જેની શરૂઆત ના ભાગ રૂપે પ્રથમ એપિસોડ નું પ્રસારણ તારીખ ૧૨ જુલાઈના રોજ સવારે ૧૧ કલાકે જી.સી.સી.આઈ. ના યુટ્યુબ ચેનલ અને ફેસબુક પેજ પર ઓનલાઈન કરવામાં આવશે. સૌ ને આ ગૌ માતા ના પુણ્યકાર્ય માં સહભાગી થવા વિનંતી છે. ગૌ શાળા અને ગૌ પાલકો ના જ્ઞાન માં વધારો કરવા આ આયોજન જી.સી.સી.આઈ. દ્વારા કરવામાં આવ્યું છે, આ પ્રકારના આયોજન ના કારણે ગૌ શાળા સ્વાવલંબી બનશે. અને તેના કારણે ગૌ આધારિત અર્થ વ્યવસ્થા પુનઃ નિર્માણ થશે.

વેબિનારનું માર્ગદર્શન રાષ્ટ્રીય કામધેનુ આયોગના પૂર્વ અધ્યક્ષ ,પૂર્વ કેન્દ્રીય મંત્રી અને જી.સી. સી. આઈ ના સંસ્થાપક ડૉ. વલ્લભભાઈ કથીરિયા કરશે.

વેબિનારનું સંચાલન શ્રીમતી શતાબ્દી પાંડે કરશે.

વિશેષ માહિતી માટે મિતલ ખેતાણી (મો.૯૮૨૪૨૨૧૯૯૯), પુરીશ કુમાર (મો.૮૮૫૩૫૮૪૭૧૫), અમિતાભ ભટનાગર (મો.૮૦૭૪૨૩૮૦૧૭) નો સંપર્ક કરવા યાદી માં જણાવ્યું છે.

### ગુજરાતમાં કોંગ્રેસ પક્ષને નુકસાન કરવા, સતાથી દૂર રાખવા ભાજપની બી-ટીમ તરીકે સક્રીય એવી

# 'આપ' પાર્ટીમાંથી મોહભંગ થતા રાજીવ ગાંધી ભવન ખાતે મોટી સંખ્યામાં આપ પક્ષના હોદ્દેદારો – પદાધિકારીઓ વિધીવત રીતે ખેસ ધારણ કરી કોંગ્રેસ પક્ષમાં જોડાયા

ગુજરાતમાં કોંગ્રેસ પક્ષને નુકસાન કરવા, સતાથી દૂર રાખવા ભાજપની બી-ટીમ તરીકે સક્રીય એવી 'આપ' પાર્ટીમાંથી મોહભંગ થતા રાજીવ ગાંધી ભવન ખાતે મોટી સંખ્યામાં આપ પક્ષના હોદ્દેદારો – પદાધિકારીઓ વિધીવત રીતે ખેસ ધારણ કરી કોંગ્રેસ પક્ષમાં જોડાયા હતા. કોંગ્રેસમાં જોડાયેલા પદાધિકારીઓ – હોદ્દેદારોને આવકારતા રાજ્યસભાના સાંસદ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ગુજરાતનો જનતાની સેવા અને પ્રજાહિતના કાર્યમાં કોંગ્રેસ પક્ષ હંમેશા કાર્યશીલ છે ત્યારે દુધમાં સાકર ભળે અને મીઠાસ વધે તેમ સૌ પદાધિકારી-હોદ્દેદારોના કોંગ્રેસ પક્ષમાં આવવાથી પ્રજા સેવાને વેગ મળશે. ભાજપના ભ્રષ્ટાચાર, પેપર ફુટવા, પુલ તુટવા, મોંઘવારી અને કથળતીકાયદો વ્યવસ્થાનો ભોગ ગુજરાતનો નાગરિક બની રહ્યો છે. મોંઘુ શિક્ષણ, મોંઘી આરોગ્ય વ્યવસ્થાને લીધે સામાન્ય-મધ્યમવર્ગ હાલાકી ભોગવી રહ્યો છે, જી.એસ.ટી.નું અણઘડ અમલીકરણ, ટેક્ષનો બોજો અને ટેક્ષ ટેરેરીઝમને કારણે ગુજરાતના નાના ઉદ્યોગકાર-વેપારીઓના ધંધા-રોજગાર પર માઠી અસર થઈ છે ત્યારે ગુજરાતીઓના પ્રાણ પ્રશ્નો માટે તેમની સાથે ખભેથી ખભો મિલાવી ગુજરાતના હિતમાં કોંગ્રેસ પક્ષ સતત અવાજ ઉઠાવતો રહેશે.

કોંગ્રેસની વિચારધારાએ દેશની આઝાદી માટે લડત લડી છે ત્યારે કોંગ્રેસ પરિવારમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ મંત્રી શ્રી હરેશ કોઠારી, પૂર્વ પ્રમુખ ઉત્તર-પશ્ચિમ ઝોન અમદાવાદ શ્રી રાજેશકુમાર પ્રજાપતિ, મધ્યઝોન અમદાવાદ શહેર અધ્યક્ષશ્રી જાહિદ એચ. શેખ, મહિલા પ્રદેશ મંત્રી શ્રીમતિ રમીલાબેન ડાભી, અમદાવાદ શહેર મંત્રી શ્રી રેખા મેવાણી, પ્રદેશ મહિલા મંત્રીશ્રી શ્રધ્ધાબેન પટેલ, શ્રી મનિષાબેન પટેલ, શ્રી કમળાબેન પટણી, અમદાવાદ શહેર પૂર્વમંત્રીશ્રી દિનેશ ટાંક, પૂર્વ મહામંત્રીશ્રી અશોક ગોહિલ, અમદાવાદ શહેર ઓ.બી.સી. પ્રમુખશ્રી ઉમેશ પ્રજાપતિ, ગુજરાત સ્ટેટ સોશીયલ મીડીયા ઈન્ચાર્જશ્રી હેમાંગ વ્યાસ, ઘાટલોડીયા વોર્ડ પ્રમુખશ્રી હસમુખ પટેલ, વટવા વોર્ડ સંગઠનમંત્રીશ્રી ધર્મેન્દ્ર રાજપુત, સંગઠન મંત્રી પૂર્વઝોન શ્રી ભરતભાઈ ભૂત, ખાડીયા કોર્પોરેશન ઉમેદવાર અને મધ્યઝોન સેક્રેટરીશ્રી શેખ અયાજ અહમદ, જમાલપુર વોર્ડ મંત્રીશ્રી પ્રતિક ઠક્કર, ઘાટલોડીયા વોર્ડ શ્રી હસમુખ પટેલ, શ્રી અમિત ઓઝા, શ્રી હેમંત પટેલ, શ્રી પ્રવીણ ડાભી, શ્રી રાજેશ પંચાલ, શ્રી જૈમીન પ્રજાપતી, શ્રી નીતાબેન ગોસ્વામી, ગળતેશ્વર તાલુકા સંગઠન મંત્રીશ્રી મલીક મુસ્તાક અહેમદ, સહિત મોટી સંખ્યામાં પ્રદેશના હોદ્દેદારશ્રીઓ, આગેવાનશ્રીઓ તથા કાર્યકરો કોંગ્રેસ પક્ષમાં વીધીવત રીતે જોડાયા છે તેઓને આવકારું છું. લોકસભા ૨૦૨૪ની ચૂંટણીમાં જ્યારે થોડો સમય બાકી છે ત્યારે અમદાવાદ સહિતના વિસ્તારમાંથી ૧૦૦ થી વધુ કાર્યકર્તા જોડાતા કોંગ્રેસ પક્ષની તાકાતમાં ઉમેરો થશે. ભાજપ સરકારની નીતિ સંગ્રહખોરો-કાળાબજારીયાઓને આશીર્વાદ આપવાની હોવાથી જીવન જરૂરીયાત ચીજવસ્તુઓની કિંમતો સતત વધી રહી છે. કોંગ્રેસ શાસનમાં ૨૦૧૪માં ૪૧૪ રૂપિયાનો ગેસ સીલેન્ડર મળતો



હતો જે આજે ભાજપ સરકારના શાસનમાં ૧૨૦૦ રૂપિયાને પાર કરી ગયો છે. ગુજરાતમાં શિક્ષણ અને આરોગ્ય સેવા સતત કથળી રહ્યાં છે. ગુજરાત માટે સેવાના સાધનાના યજ્ઞમાં મોટી સંખ્યામાં જોડાયેલા આગેવાન-કાર્યકર્તાશ્રીઓનું સૌનું સ્વાગત છે. આગામી સમયમાં કોંગ્રેસ પક્ષની વિચારધારા વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવા સૌ માધ્યમ બનશો.

આજરોજ રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલ કાર્યક્રમમાં પ્રદેશ ઉપપ્રમુખશ્રી બિમલ શાહ, પૂર્વ ધારાસભ્યશ્રી ઈન્દ્રનીલ રાજ્યગુરુ, મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશી, શ્રી બળદેવ લુણી, શ્રી સી.એમ. રાજપુત, પ્રવક્તાશ્રી હિરેન બેંકર, અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના નેતાશ્રી શેહઝાદખાન પઠાણ સહિતના આગેવાનો ઉપસ્થિત રહી કોંગ્રેસ પક્ષમાં જોડાયેલ તમામ આગેવાનો-કાર્યકરોને આવકાર્યા હતા. સુરેન્દ્રનગરમાં બે દલિત દિકરાઓની થયેલ નિર્મમ હત્યા અંગે રાજ્યસભાના સાંસદ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, રાજ્યમાં સામાજીક સમરસતા ભાજપના શાસનમાં ડહોળાઈ રહી છે. વોટબેંકના પોલિટીક્સમાં વાતાવરણ ડહોળાઈ રહ્યું છે. દલિત આગેવાનની પેઢીઓની જમીન હયાત છે. જ્યારે ખેતીકરવા જાય ત્યારે માથાભારે તત્વો હેરાન કરે છે. સુરેન્દ્રનગર જીલ્લાના સમઢીયાળીનાં ચુડા ગામના દલિત પરિવાર પોતાની વડિલોપાર્જીત જમીન પડાવી લેવા ભૂમાફીયા વિરૂધ્ધ પોલિસ રક્ષણ અવારનવાર માંગવા છતાં ભાજપ સરકારના પોલીસતંત્રએ ગંભિરતાથી નોંધ લીધી ન હોવાથી ગત રાત્રીએ કેટલાક અસામાજીક તત્વોએ હુમલો કરી બે સગાભાઈની નિર્મમ હત્યા કરી છે. અસામાજીક તત્વો દ્વારા વારંવાર પરેશાન કરવા અંગે પીડિતાના પરિવારે અગાઉ પોલીસ, કલેકટરને જીવના જોખમ અને પોલીસ રક્ષણ માટે અરજી આપી હતી, જેની નકલ ગુજરાતના મુખ્યમંત્રી, ગૃહમંત્રી અને સમાજ કલ્યાણ મંત્રીને મોકલવામાં આવી હતી. આમ છતાં તેમને ન તો પોલીસ રક્ષણ મળ્યું કે ન તો કોઈ કાર્યવાહી થઈ. જો રક્ષણ અપાયું હોત તો જાનહાની ના થઈ હોત આ ઘટના માટે જવાબદાર કોણ? ભાજપ સરકાર જવાબ આપે. ગુજરાતમાં જ્યારે પણ કોઈની સાથે અન્યાય થાય છે ત્યારે અન્યાય કોણ કરે છે? તેની ચિંતા કર્યા વગર અમે પીડિતાની જાતિ, ધર્મ કે રાજકીય પક્ષને ધ્યાનમાં લીધા વિના તેની સાથે ઊભા રહીશું. દલિત સમાજ પર સતત અત્યાચાર થઈ રહ્યા છે આ ભાજપ સરકાર દલિત સમાજને ન્યાય આપવામાં અસંવેદનશીલ બની છે તે કેટલે અંશે વ્યાજબી ?

સુરેન્દ્રનગરના ચુડા તાલુકાના સમઢીયાળા ગામમાં અતિશય દુઃખદ ઘટના અંગે સમાચાર મળતા જ રાજ્યસભા સાંસદ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલ અને વિધાનસભા કોંગ્રેસ પક્ષનાં ઉપનેતાશ્રી શૈલેષભાઈ પરમાર, એસ.સી. સેલના પ્રમુખશ્રી હિતેન્દ્ર પીઠડીયા, ઓ.બી.સી. ડીપાર્ટમેન્ટના ચેરમેનશ્રી ઘનશ્યામ ગઢવી, પૂર્વ ધારાસભ્યશ્રી નૌશાદ સોલંકી, શ્રી ઈન્દ્રનીલ રાજગુરુ સાથે પ્રદેશનાં હોદ્દેદારોશ્રીઓ- સાથીઓ સાથે દલિત પરિવારજનોની મુલાકાત લઈ સાંત્વના પાઠવવા સુરેન્દ્રનગર ખાતે પહોંચ્યા હતા. સમગ્ર વિસ્તારમાં ભયનું વાતાવરણ છે. બબ્બે ભાઈ ગુમાવનાર, ભોગ બનનાર પરિવારને ન્યાય મળે તે માટે તંત્ર તાત્કાલીક કડક પગલા ભરે તેવી કોંગ્રેસ પક્ષે માંગ કરી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.